# આર્થિક સંકડામણથી કંટાળી પ્રૌઢનો સુઘડ કેનાલમાં આપઘાત

## સાયકલ લઈને નિકળી ગયેલા નિકોલના પ્રૌઢનો મૃતદેહ સુઘડ કેનાલથી મળ્યો

ગાંધીનગર, તા.૧

અમદાવાદ નિકોલ ખાતે આવેલા સદગુરુ સોસાયટીમાં રહેતા ૫૭ વર્ષીય પ્રૌઢ હસમુખભાઈ બચુભાઈ ભંડેશ્રી (પટેલ) ગઈ કાલે સવારે પોતાની સાયકલ લઈને ઘરેથી નિકળી ગયા હતા. આર્થિક ભીંસમાં ગુજરાન ચલાવી રહેલા હસમુખભાઈ ઘણા દિવસોથી 'હતાશ' હતા. સાંજે ઘરે પરત ન આવતા પરિવારજનોએ શોધખોળ શરુ કરી દરમિયાન રાત્રે અડાલજ નજીક સુઘડ નર્મદા કેનાલમાંથી હસમુખભાઈનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલિસે આપઘાત કરી લેનાર હસમુખભાઈનો મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તપાસ તેજ બનાવી છે. જમાદાર અમરતભાઈએ શરુ કરેલી પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણથી કંટાળીને પ્રૌઢે આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે. પોલિસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

# રવિવારે શહેરમાં લગ્નોની ભરમાર!!

## મોટી સંખ્યામાં લગ્ન સમારંભોના આયોજનો હાથ ધરાયા : લગ્ન સીઝનના કારણે નાગરિકો ચુંટણી પ્રચાર તરફ નિરૂત્સાહી : ટ્રાફિકમાં વધારો જોવા મળશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં લગ્નગાળાની સીઝન પુરબહારમાં ખિલી ઉઠી છે અને આગામી તા. ૩ જી ડિસેમ્બરે શહેરમાં અઢળક સંખ્યામાં લગ્ન સમારંભોનું આયોજન હાથ ધરાયું છે. તા. ૩જી ડિસેમ્બરે રવિવારના દિવસે શુભ મુર્હુત હોવાથી એક સાથે લગ્નોની ભરમાર જોવા મળશે.

એક તરફ ગુજરાત વિધાનસભાની ચુંટણીઓનો માહોલ ચાલી રહ્યો છે અને વાતાવરણમાં છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીનું પ્રમાણ પણ વધી રહ્યું છે. આ સંજોગોમાં તા. ૩જી ડિસેમ્બરે લગ્ન સમારંભોના આયોજકો ચિંતામાં મુકાયા છે. અઢળક સંખ્યામાં શહેરમાં આયોજિત લગ્નોના કારણે તમામ પાર્ટી પ્લોટ, મેરેજ હોલ તથા રંગમંચના એડવાન્સ બુકિંગ થયેલા છે. વળી, શહેરમાં ભાડે ફરતા વાહનોની માંગમાં પણ ખૂબ વધારો થયેલો જોવા મળી રહ્યો છે. લગ્નગાળાની સીઝનના કારણે ટ્રાફિકમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. રવિવારના દિવસે શહેરના મુખ્ય પાર્ટી પ્લોટસના વિસ્તારોમાં ટ્રાફિક જામના દૃશ્યો સર્જાશે તેવી દહેશત સેવાઈ રહી છે. સામાન્ય નાગિરકોને લગ્નગાળાની સિઝનમાં ચુંટણીઓના પ્રચાર પરત્વે ઉત્સાહ કે ધ્યાન ઓછું જણાય છે. વળી, નાગરિકોને મળેલી એકથી વધુ આમંત્રણ પત્રિકાઓના પગલે કયા સમારંભમાં હાજરી આપવી અને કયામાં નહી તે અંગે પણ અવઢવ જોવા મળી રહી છે. પરિવારના એકથી વધુ સભ્યો અલગ અલગ લગ્ન સમારંભોમાં હાજરી આપવા જશે અને સંબંધ સાચવી લેશે તેવા નિર્ણયો લેવાઈ રહ્યા છે. એકંદરે રવિવારના દિવસે ચોતરફ શરણાઈના સૂર અને લગ્નોના ઢોલ ઢબૂકતા સંભળાશે તેવું જણાઈ રહ્યું છે.

### પરોક્ષ પ્રચાર માટે લગ્ન સમારંભોમાં નેતાઓની હાજરી

લગ્નગાળાની સીઝનનો ચુંટણી પ્રચાર માટે નેતાઓ સિફતપૂર્વક ઉપયોગ કરી રહ્યા છે. એક જ સ્થળે એકથી વધુ મતદારોને એક જ સમયે આસાનીથી મળી શકાય અને પોતાની વાત રૂબરૂ કહી શકાય તે હેતુથી નેતાઓ તમામ લગ્ન પ્રસંગોમાં હાજરી આપવાનું પસંદ કરી રહ્યા છે. રવિવારના લગ્ન સમારંભોને અનુલક્ષીને રાજકીય પક્ષો દ્વારા કોઈ મોટો રાજકીય પ્રચાર કાર્યક્રમ યોજવાનું ટાળવામાં આવ્યું છે.

# પુન્દ્રાસણમાં જુગારના અડ્ડા ઉપર પોલીસનો દરોડો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા પુન્દ્રાસણ ગામમાં જોગણી માતાજીના મંદિર પાછળ ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની ચોકકસ બાતમીને આધારે પેથાપુર પોલિસે દરોડો પાડી પાંચ શકુનીઓને પકડી પાડયા હતા. ધમધમી રહેલા જુગારના અડ્ડા પરથી પાંચ શખ્સોની રૂ. ૨.૨૦ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પેથાપુર પીએસઆઈ વી.બી. દેસાઈની ટીમને મળેલી બાતમી આધારે ગઈ રાત્રે પુન્દ્રાસણ ગામની સીમમાં જોગણી માતાના મંદિર પાછળ ખુલ્લેઆમ ધમધમી રહેલા જુગારધામ પર રેઈડ કરવામાં આવી હતી. પેથાપુર પોલીસની ટીમે અમદાવાદ અને મહેસાણા વિસ્તારના પાંચ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ દબોચી લીધા હતા. અમદાવાદના દેત્રોજ તાલુકાના રાજપુરા ગામના વિક્રમ નાનુ સોલંકી, ચાંદલોડીયાના રણજીત કાન્તિ પંચાલ, કડી તાલુકાના બાલુવા ગામના વિષ્ણુ પોપટ ઠાકોર, સાણંદના મુકેશ ગલા ડાભી અને કડી કસ્બામાં રહેતા આબીદહુસેન મહમદખાન ખોખર મળી પાંચ શકુનીઓની રૂ. ૨.૦૨ લાખ રોકડ તથા ચાર મોબાઈલ મળી કુલ રૂ. ૨,૨૦,૦૫૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

૧લી ડિસેમ્બરે વિશ્વમાં એઈડસ દિન તરીકે મનાવવામાં આવે છે. ત્યારે સમાજમાં લોકજાગૃતિના અભાવે વર્ષે અનેક લોકો આ બિમારીમાં સપડાય છે. ત્યારે શહેરના નાગરીકોમાં જાગૃતિ આવે તે અંગે સિવિલ હોસ્પિટલ ખાતે આજે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા પોસ્ટર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિવિધ ચિત્રો રજુ કરીને એઈડસ અંગે નાગરીકોમાં જાગૃતિ લાવવા પ્રયાસ કરાયો હતો. આ પ્રસંગે મેડીસીન વિભાગના ડો. શશી મુંદ્રા હાજર રહ્યા હતા.

# ગાંધીનગરમાં મતદાન જાગૃતિ માટે મહિલા શિક્ષિકાઓ દ્વારા વાહન રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૧

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે ગાંધીનગર જિલ્લામાં વધુ મતદાન થાય તેના પ્રચાર-પ્રસાર માટે ગાંધીનગર શહેરની શાળાઓની શિક્ષિકાઓ દ્વારા વાહન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર કલેકટર કચેરી ખાતે ગાંધીનગર જિલ્લાના ચૂંટણી ખર્ચ નિરીક્ષકશ્રીઓ સર્વશ્રી આર.મુરલી અને શ્રી રાકેશ રંજન તથા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સતીષ પટેલ તથા ચૂંટણી ખર્ચ મોનીટરીંગ સેલના ચીફ નોડલ ઓફિસરશ્રી દેવાંગ દેસાઈએ ઝંડી ફરકાવીને મહિલા મતદાન જાગૃતિ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. મહિલા શિક્ષિકાઓએ વધુ મતદાન કરવા અંગેના વિવિધ સૂત્રોવાળા પ્લેકાર્ડ પ્રદર્શિત કરીને પાટનગરવાસીઓને વધુ મતદાન કરવા અંગે પ્રોત્સાહિત કર્યા હતા.

મતદાન જાગૃતિ અંગેની આ વાહન રેલી કલેકટર કચેરીએથી પ્રસ્થાન કરીને ઘ-૦, ચ-૦, ચ-૫, ઘ-૫ થઈને પુનઃ કલેકટર કચેરી ખાતે આવીને સંપન્ન થઈ હતી. આ પ્રસંગે સ્વીપ પ્લાનના નોડલ ઓફિસર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એસ.એમ.બારડ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ... પેલા લોકોના જાદુગરની સામે... આપમે આ લોકોને લાવીએ... પક્ષની ભવાઈ કરી દેશે... તમારે નહી કરવી પડે...!!!

ચુંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ઉમેદવારો રાત-દિવસ પ્રચાર પ્રસાર કાર્યમાં લાગી ગયા છે. ત્યારે ગાંધીનગર દક્ષિણ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગોંવિદજી સોલંકીએ પોતાનો પ્રચાર તેજ કરી દીધો છે. આજે તેઓએ દિવસ થી રાત દરમિયાન પોતાના મતવિસ્તારના ચાંદખેડા, આઈઓસી, અડાલજ, જમીયત પુરા, શેરથા, દંતાલી, સહિતના ગામ્ય વિસ્તારોમાં લોકસંપર્ક કર્યો હતો અને નાગરીકોને મળીને તેમના પ્રશ્નોને સાંભળ્યા હતા. આ ડોર ટુ ડોર પ્રચારમાં તેઓની સાથે કોંગ્રેસના કાર્યકર્તાઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

### ચિંતા ન કરશો અમે તમારી સાથે છીએ...

# પ્રચાર દરમિયાન સિનિયર સિટીઝન્સે ખાત્રી આપી

## સે-૨૭માં ભાજપની ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ દરમિયાન યુવાનો અને બાળકો પણ જોડાયા

ગાંધીનગર તા ૧

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ગાંધીનગરમાં ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષાના કાર્યોલયો ધમધમતા થઈ ગયા છે. બીજીતરફ સેકટરોમાં પક્ષો દ્વારા પ્રચાર ઝુંબેશ પણ તેજ બનાવી દેવામાં આવી છે. ભાજપે આજે ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ અન્વયે સે-૨૭ માં વિવિધ સોસાયટીમાં પ્રચાર કર્યો હતો. જેમાં યુવાનો અને બાળકો પણ પ્રચારમાં જોડાયા હતા. સેકટરના સિનિયર સિટીઝન્સે ભાજપના ઉમેદવારને કહયુ હતુ કે ચિંતા ન કરશો અમે તમારી સાથે છીએ.

ભાજપ દ્વારા ઉમેદવારી ચિત્ર સ્પષ્ટ થયા પુર્વે સેકટરોમાં મહાસંપર્ક અભિયાન હાથ ધરાયુ હતુ. આ દરમિયાન પક્ષના આગેવાનોએ ઘરે ઘરે સંપર્ક કરી ભાજપની સિધ્ધિઓ વર્ણવતી પત્રિકાઓનુ પણ વિતરણ કરી ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો પર બહુમત અપાવાની અપીલ કરી હતી. જયારે ચુંટણીમાં ઉમેદવારો આખરી થયા બાદ હવે પ્રચાર માટે થોડા દિવસો જ રહયા છે ત્યારે મતદારોને પોતાની તરફ આકર્ષવા માટે રોજ સેકટરોની શેરીઓમાં પ્રચાર ઝુંબેશનો ધમધમાટ જોવા મળી રહયો છે. આજે ભાજપના આગેવાનોએ સે-૨૭ માં મહાનગરના ઉપપ્રમુખ ઉરેન પટેલના ઘરેથી પ્રચાર શરૂ કર્યો હતો. જયારે સેકટરમાં ભાજપના આગેવાનો અને કાર્યકરો પદયાત્રા કરીને ઘરે ઘરે ફર્યા હતા. આ દરમિયન સેકટરની આનંદનગર , એકતા સ્વસ્તિક અને શિવમ સહીતની સોસાયટીમાં પ્રચાર કરવામાં આવ્યો હતો. સેકટરમાં પ્રચાર ઝુંબેશમાં ઉત્તરના ઉમેદવાર અશોક પટેલ , કોર્પરિટરો, આગેવાનો સહીત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. આ દરમિયાન યુવાનો તેમજ બાળકો પણ મોટી સંખ્યામાં પ્રચાર ઝુંબેશમાં જોડાયા હતા. સેકટરની સોસાયટીના સિનિયર સિટીઝન્સે પ્રચાર કરતા ઉમેદવાર અશોક પટેલને જણાંવ્યુ હતુ કે ચિંતા ન કરશો અમે તમારી સાથે છીએ. સ્થાનિક નાગરિકોએ પેવર બ્લોક સંબંધિત સમસ્યાઓ પણ રજુ કરી હતી.

### કોંગ્રેસના કાર્યાલયોના ઉદ્‌ઘાટન માટે સ્ટાર પ્રચારકો ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર દક્ષિણ વિધાનસભા અને ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના કોંગ્રેસ પક્ષના ઉમેદવારો અનુક્રમે ગોવિંદજી સોલંકી અને ડૉ. સી.જે. ચાવડાના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું તા. ૩-૧૨-૨૦૧૭ રવિવારના રોજ ઉદ્‌ઘાટન કરાશે તેવું જિલ્લા કોંગ્રેસ પ્રમુખે જણાવ્યું છે.

આ બાબતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે કે ઉપરોક્ત બન્ને કાર્યાલયોનું ૩જી ડિસેમ્બરે દબદબાભેર ઉદ્‌ઘાટન કરાશે. જે પ્રસંગે ઉત્તર પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અને કોંગ્રેસ પક્ષના સ્ટાર પ્રચારક રાજબબ્બર, સાંસદ પ્રમોદ તિવારી, જાનકી ગઢવી સહિત અન્ય વિશેષ મહાનુભાવો ઉપસ્થિત રહીને બન્ને ઉમેદવારો માટે મતની અપીલ કરશે. રવિવારના રોજ ગાંધીનગર સવારે ૯.૩૦ કલાકે શક્તિ કોમ્પલેક્ષ, ક્રિષ્ણા હોસ્પિટલ સામે, નેશનલ હાઈવે, ચિલોડા મોટા ખાતે ગાંધીનગર દક્ષિણ બેઠકના ઉમેદવાર ગોવિંદજી સોલંકી અને સાંજે ૫ વાગે પ્લોટ નં. ૪૪૪/૩ પ્રજ્ઞા પેટ્રોલ પંપ પાસે, ઘ-૫ સર્કલ, સે. ૧૬ ખાતે ગાંધીનગર ઉત્તર બેઠકના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે. જેમાં તાલુકા-જિલ્લા-પ્રદેશના આગેવાનો પણ ઉપસ્થિત રહેશે.

# બીજા તબક્કામાં મોદીની વધુ ૨૪ સભાઓ

## મોદી ૬થી ૧૨ દરમિયાન ફરીથી ગુજરાતમાં : અનેક શહેરોમાં રેલી અને રોડ શો કરવા માટે નરેન્દ્ર મોદી તૈયાર

અમદાવાદ, તા.૧

રાજયમા આગામી ૯ તેમજ ૧૪ ડિસેમ્બર દરમિયાન બે તબકકામા યોજાનારી વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાન પ્રકીયા હાથ ધરવામા આવનાર છે આ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૬ થી ૧૨ ડિસેમ્બર દરમિયાન રાજયના વિવિધ વિધાનસભા મત વિસ્તારોમા ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર માટે આવી પહોંચશે.જ્યા તેઓ ૨૪થી વધુ જાહેરસભાઓને સંબોધવા ઉપરાંત અનેક શહેરોમા રેલી અને રોડ શો પણ કરશે.આ અંગે મળતી માહિતી અનુસાર, ગુજરાતમા સૌ પ્રથમ વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગેરહાજરીમા વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે.વડાપ્રધાન બન્યા બાદ હવે ગુજરાતમા ભાજપાને સતત ચોથી વખત વિધાનસભામા ભવ્ય વિજયી બનાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ઉત્સાહી છે અને એથી જ વડાપ્રધાન પ્રથમ તબકકામાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની ૮૯ બેઠકો ઉપર યોજાનારી ચૂંટણી માટે પ્રચાર અને પ્રસાર કાર્ય હાલ ચરમસીમા ઉપર પહોંચ્યુ છે.ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ માસમાં ૨૭ અને ૨૯ નવેમ્બર એમ બે દિવસ રાજયના વિવિધ મત વિસ્તારોમાં પ્રચાર પ્રવાસ પુરો કરી ગયા બાદ ફરી એક વખત ૩ અને ૪ ડિસેમ્બરના રોજ રાજયમાં ચૂંટણી પ્રચાર માટે આવી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર,પ્રધાનમંત્રી તેમના આ બે દિવસના પ્રવાસમાં કુલ મળીને સાત જાહેરસભાઓને સંબોધિત કરશે.જેમાં ઉના રોજ ભરૂચમાં સવારે ૧૦.૩૦ કલાકે,સુરેન્દ્રનગરમાં બપોરે ૧૨.૩૦ કલાકે, અને રાજકોટમાં સાંજે ૭.૩૦ કલાકે જાહેરસભાને સંબોધિત કરશે.આ દરમિયાન અમદાવાદ ખાતે સાંજે પાંચ કલાકે એસજીવીપીમાં શ્રી જોગી સ્વામી હોલીસ્ટીક હોસ્પિટલનુ ઉદ્‌ઘાટન પણ કરશે.૪ ડિસેમ્બરના રોજ ધરમપુર ખાતે સવારે ૧૦ કલાકે જાહેરસભાને સંબોધિત કરશે.

ભાવનગરમાં બપોરે ૧૨ કલાકે જાહેરસભાને સંબોધિત કરશે.જૂનાગઢ ખાતે બપોરે ૨ કલાકે જાહેરસભાને સંબોધિત કરશે જ્યારે જામનગરમાં સાંજે ૪ કલાકે જાહેરસભાને સંબોધિત કરશે.આ સાથે તેઓ ફરી એક વખત રાજયમાં આગામી ૬ ડિસેમ્બરથી ૧૨ ડિસેમ્બર સુધી બીજા તબકકાની ૯૩ બેઠકો માટે ચાલી રહેલા પ્રચાર અને પ્રસારના પડઘમ શાંત બને એ અગાઉ ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર માટે આવી પહોંચશે એમ સૂત્રો તરફથી જાણવા મળ્યુ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના આ પ્રવાસમા રાજયમાં ૨૪ થી પણ વધુ જાહેરસભાઓને સંબોધિત કરવાના છે.

# બિમલ શાહ, કમા રાઠોડ સહિત ૨૪ને ભાજપમાંથી સસ્પેન્ડ કરાયા

અમદાવાદ, તા.૧

રાજય વિધાનસભા માટે આગામી ૯ તેમજ ૧૪ ડિસેમ્બર એમ બે તબકકામા યોજાનારી ચૂંટણીમા ભાજપ દ્વારા ઉતારવામા આવેલા સત્તાવાર ઉમેદવારની સામે બળવો કરી પક્ષના આદેશ છતાં ઉમેદવારી પાછી ન ખેંચવાવાળા ૨૪ જેટલા પક્ષના કાર્યકરોને આજે પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરવામા આવ્યો છે. જે લોકોને પક્ષમાંથી પાણીચુ આપવામા આવ્યુ છે તેમાં પૂર્વ સાંસદ કાનજી પટેલ,પ્રદેશ કારોબારી સભ્ય ખુમાનસિંહ વાંસીયા અને પૂર્વ વાહનવ્યવહાર મંત્રી બિમલ શાહનો પણ સામવેશ થાય છે.

આ અંગે ભાજપ મીડીયા સેલની એક યાદીમા જણાવ્યા મુજબ,પક્ષ તરફથી આપવામા આવેલા આદેશ પછી પણ પ્રથમ અને બીજા તબકકાના સત્તાવાર ઉમેદવારોની સામે ઉમેદવારી પાછી ન ખેંચનારા પક્ષના કાર્યકરો દ્વારા અપક્ષ ઉમેદવારી ચાલુ રાખી છે.

આ ઉપરાંત જામનગર ગ્રામ્યમાંથી વલ્લભભાઈ ધારવીયા દ્વારા કોંગ્રેસમાંથી ઉમેદવારી કરવામા આવી છે આ ઉપરાંત ઝાલોદ બેઠક માટે ભાવેશ કટારા દ્વારા પણ કોંગ્રેસમાંથી ઉમેદવારી કરવામા આવી છે.જ્યારે ગાંધીનગર ઉત્તરમાંથી રોહીત નાથાણી દ્વારા એનસીપી તરફથી ઉમેદવારી નોંધાવવામા આવી છે.

પાટનગર યોજના ભવન ડિવિઝન ત્રણ ના કાર્યપાલક ઈજનેર મહેન્દ્ર ઠકકર વય નિવૃતિ થતા વિભાગના કર્મચારીઓએ તેમને નિવૃત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી. જયારે પાણી ગટર વિભાગના નવા કાર્યપાલક ઈજનેર તરીકે એલ કે વાઘેલાએ ચાર્જ સંભાળતા કર્મચારીઓએ તેમને પુષ્પગુંચ્છ આપી વેલકમ કર્યા હતા. એલ કે વાઘેલા હીમતનગર માર્ગ મકાન વિભાગમાં પણ ચાર્જ સંભાળી રહયા છે.